આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષ: ૧૨ | અંક: ૧ | જુલાઈ - ૨૦૨૬
કિંમત: ૧૦/-



ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
'માનવસેવા એ જ ઈશ્વરસેવા'
ॐकार फाउण्डेशन ट्रस्ट

# દાદા-દાદી કીટ વિતરણ એવા પુણ્યના કાર્યમાં

## જે દાતાશ્રીઓએ લાભ લીધો છે.

## ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ તેમનો ખૂબજ આભાર પ્રગટ કરે છે.

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
'માનવસેવા એ જ ઈશ્વરસેવા'
ॐकार फाउण्डेशन ट्रस्ट

એવા દંપતિ કે જેમની ઉંમર છે અને તેમના સંતાનોને રાખવા કે સાચવવા તૈયાર નથી અને તેઓ પોતાના ઘરમાં રહે છે. પરંતું, તેમની ખૂબજ મર્યાદિત આવકમાં તેમનું જીવન ચલાવવુ ખૂબજ મુશ્કેલ છે. આવા દંપતિને 3 મહિનાની અનાજની કીટ આપીને આપણે સમાજને જ સમાજનું પાછું અર્પણ કરીએ છીએ એવી ભાવના સદ્દગુરુ ૐઋષિની છે. સમાજે આપણને આપ્યું અને આપણે સમાજને અર્પણ કરીએ છીએ.

## દાદા-દાદી કિટ વિતરણ દાતાઓનાં નામ

1. શ્રી અનંતરાય છોટાલાલ ખીમાણી - રાજકોટ
2. શ્રી રાજેશભાઈ વિનોદરાય ખીમાણી - રાજકોટ
3. શ્રી પરેશભાઈ કનુભાઈ મોદી - રાજકોટ
4. શ્રી મનોજભાઈ દ્વારકાદાસ કક્કડ - રાજકોટ
5. શ્રી જીજ્ઞેશભાઈ અરવિંદભાઈ કારીયા - રાજકોટ
6. શ્રી હરેશભાઈ કનુભાઈ ભગદેવ - અમદાવાદ
7. શ્રી જીજ્ઞેશભાઈ બગડાઈ - ગોંડલ
8. શ્રી અજયભાઈ તન્ના - ગોંડલ
9. શ્રીમતી ભક્તિબેન અંકિતભાઈ પોપટ - રાજકોટ
10. શ્રીમતી પારૂલબેન પ્રકાશભાઈ સવજાણી - રાજકોટ
11. શ્રીમતી હિનાબેન લલિતભાઈ વિઠલાણી - રાજકોટ
12. શ્રી આનંદભાઈ પ્રવિણભાઈ હિંડોચા - આફ્રિકા
13. શ્રી વિનોદભાઈ દામોદરભાઈ દતા - પોરબંદર
14. શ્રી કિશનભાઈ પ્રફુલભાઈ ખીમાણી - ગોંડલ
15. શ્રી પાર્શ્વ ભાવિનભાઈ ઘુઘુ - રાજકોટ
16. શ્રી જીતેન્દ્ર અનંતરાય ખીમાણી - રાજકોટ
17. શ્રી પ્રકાશભાઈ અમૃતલાલ ચગ - રાજકોટ
18. શ્રી મિરલકુમાર એચ. સાતા - રાજકોટ
19. શ્રી અંશ નિકેશકુમાર કાનાણી - રાજકોટ
20. શ્રી ભરતભાઈ દામોદરભાઈ દત્તા - પોરબંદર
21. શ્રી દિલીપભાઈ એમ. દાવડા - જામનગર



॥ ૐ નમઃ ॥

®
ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

**પ્રિન્ટ વિઝન પ્રા. લી.**
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જુલાઈ-૨૦૨૬
પાના નં: ૨૪
વર્ષ: ૧૨
અંક: ૧
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

પરમ પૂજ્ય ગુરુજીનો પ્રકલ્પ છે કે મંત્રથેરાપી દરબાર દ્વારા લોકોના જીવનના પ્રશ્નોને સમાધાન સુધી લઈ જવા. આ મહાન યોગદાન પરમ પૂજ્ય ગુરુજી દ્વારા નિઃશુલ્ક કરાવવામાં આવે છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા, આણંદ, ભરૂચ, ગોંડલ આવી રીતે દર મહિને અલગ-અલગ શહેરોમાં કરાવેલ મંત્રથેરાપી દરબાર દર મહિને યોજીને ગુરુજીએ માનવસેવાનું અમૂલ્ય ઉદાહરણ પૂરું પાડ્યું છે.

નિઃશુલ્ક યોજવામાં આવતા આવા મંત્રથેરાપી દરબાર ૐગુરુની પાવનનિશ્રામાં હવેથી દેશ અને દુનિયામાં યોજવામાં આવશે. ગંભીર શારીરિક પડકારો હોવા છતાં ૐગુરુ લાખો લોકોને પોતાના મંત્ર, મંત્રશક્તિપાતથી સાચી દિશામાં આગળ વધવાની પ્રેરણા આપી રહ્યા છે. આપ પણ આપના ગામ, શહેર કે સમાજમાં મંત્રથેરાપી દરબાર યોજવા ઈચ્છતા હોય તો ઓછામાં ઓછા માત્ર સો લોકોનો સમૂહ હશે તો ગુરુજી આપના ત્યાં પણ નિઃશુલ્ક મંત્રથેરાપી દરબાર આયોજીત કરશે.

અહીં ગુરુજી રચિત એક ગઝલ રચના રજૂ કરું છું.

## 'ઊંડો ઘા'

**કોઇપણ રીતે શરત જીત્યા તમે, કેટલી ઊંડી રમત શિખ્યા તમે?**
**ડાળખીની આંખ ભીની થઇ ગઇ, પાંદડાને એ રીતે ઝિલ્યાં તમે.**
**એ છતાં અફસોસ જેવું છે નહીં? પારકાને મારીને જીવ્યા તમે.**
**મેં કરેલી એક નાની ભૂલના, ઢોલ આખા ગામમાં પીટ્યા તમે.**
**છેદ પાડી દઇને મારા શ્વાસમાં, કોઇ ઊંડો ઘા બની વીંધ્યા તમે.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો, દિવ્ય સાધનાઓ તેમજ વિવિધ દિવ્ય રાહો દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||




# જન્માષ્ટમીના પાવન દિનથી

## ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં જન્માષ્ટમીને ‘‘વ્રતરાજ’’ કહેવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ભાદ્રપદની કૃષ્ણપક્ષની અષ્ટમીના રોહિણી નક્ષત્રમાં થયો હોવાના કારણે તેને ‘‘કૃષ્ણ જન્માષ્ટમી’’ કહેવામાં આવે છે. સૃષ્ટિના પાલનહાર શ્રીહરિ વિષ્ણુના આઠમા અવતાર એટલે ભગવાન શ્રીકૃષ્ણ. ભગવદ્ ગીતામાં એક લોકપ્રિય કથન એવું પણ છે કે - જ્યારે દુર્ભાવના વધશે અને ધર્મની હાનિ (નુકશાન) થશે ત્યારે બુરાઈને ખત્મ કરવા અને સદ્‌ભાવના બચાવવા હું અવતાર લઈશ. જન્માષ્ટમી એ સદ્‌ભાવનાને વધારવા અને દુર્ભાવનાને દૂર કરવા પ્રોત્સાહિત કરે છે. કહેવાય છે કે ભગવાન વિષ્ણુએ પૃથ્વીને પાપમુક્ત કરવા હેતુ ભાદ્ર માસની કૃષ્ણપક્ષની અષ્ટમીનાં મધ્યરાત્રિએ રોહિણી નક્ષત્રમાં કૃષ્ણ સ્વરૂપે અવતાર લીધો હતો.

આવા પરમ અવતરિત ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભાગવત્ ચાલીસાની રચના કેવી રીતે મારાથી શક્ય બનાવી અને એની પાછળનું દિવ્ય રહસ્ય શું છે એના વિશે આપ સૌને વિસ્તારપૂર્વક અને સંપૂર્ણ સત્ય હું જણાવી રહ્યો છું.

મારા જીવનમાં બનેલી આ એક અલૌકિક ઘટના છે અને આવી દિવ્ય અનુભૂતિ માટે જન્મોના જન્મ પણ ઓછા પડે એવું હું ચોક્કસ કહીશ. આ સત્યઘટના છે વર્ષ-૨૦૨૧ના કોરોનાકાળ દરમ્યાનની જ્યારે હું

ૐકારધામ તીર્થ, પાનવામાં કોરોનાના કારણે ત્યાં રહી રહ્યો હતો.

ૐકારધામ તીર્થમાં સાંજનો મારો નિત્યક્રમ એવો હતો કે પાંચેય મંદિરે દર્શન કર્યા બાદ તીર્થની મધ્યમાં મોટા આકારનો ૐ મેં ત્યાં સ્થાપિત કરેલો છે. નિયમિત રીતે હું રોજ બે થી અઢી કલાક ત્યાં વ્હીલચેરમાં બેસતો હતો અને કુદરતના સાનિધ્યમાં બે-અઢી કલાક સતત ૐનું સ્મરણ કરતો રહેતો હતો.

ઘણાં વર્ષો બાદ આ સમય દરમ્યાન શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પઠન પણ હું ત્યાં જ બેસીને કરતો હતો. વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૫ દરમ્યાન મેં શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પઠન કર્યું હતું ત્યારબાદ ૨૦૨૧માં ફરીવાર આખી શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પઠન કરવાનો અવસર મને કોરોનાકાળ દરમ્યાન મળ્યો.

લગભગ એક મહિના સુધી ભગવદ્ ગીતાનું પઠન કરતી વખતે મનમાં હું સતત એવું વિચારતો હતો કે એવું હું શું કરી શકું કે ભગવાન શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન જે પ્રેરણાત્મક છે અને લાખો સંતો ભગવાન શ્રીકૃષ્ણની મહિમા, ગાથા તેમજ એમના ઉપદેશની ચર્ચા પોતાના દષ્ટિકોણથી કરતા રહ્યા છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા પર જેટલું લખાયું છે તેમજ જેટલું પણ વિવેચન થયું છે એટલું કોઈપણ ધાર્મિક ગ્રંથ ઉપર આ બ્રહ્માંડમાં નથી થયું. મારા મનમાં એ સંકલ્પને હું રોજ દોહરાવતો હતો કે હે ભગવાન શ્રીકૃષ્ણ આપ મને આપના દર્શન અને કોઈ બોધ આપો, આપ મને કોઈક એવું જ્ઞાન આપો કે જેનાથી હું કશુંક એવું યોગદાન આપી શકું કે મને એવું થાય કે મેં મારા જીવનમાં ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશને મારા જીવનમાં ઉતાર્યો અને આ સંકલ્પ કર્યા બાદ સતત મેં રચિત કરેલો ભગવાન શ્રીકૃષ્ણનો બીજમંત્ર જે એમના સાક્ષાત્કાર માટેનો હતો એનું રટણ કરતો.

બીજમંત્રનું રટણ કરવા પાછળ મારી એવી ભાવના હતી કે હું એમના દર્શનને પામી શકું અને મારા જીવનને એમના દિવ્ય દર્શનથી ધન્ય બનાવી શકું. આ સંકલ્પનું મનોમન સ્મરણ કરતા હું બીજમંત્રનો જાપ રોજ રટણ કરતો હતો.

તમને કદાચ મારી વાત અતિશયોક્તિ લાગશે પરંતુ હું સો ટકા સંપૂર્ણ સત્ય કહી રહ્યો છું. આ સત્યઘટના હું પૂરા હોશહવાશમાં ખુલ્લા મનથી, સાચા મન અને હૃદયથી આ વાત આપને કહું છું. હું જ્યાં બેઠો હતો ત્યાં બરાબર સામે ગોળ ફરતો એક ઓટલો છે.

હું ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા કરતા બીજમંત્રનું રટણ કરતો હતો અને બરાબર એ જ વખતે ભગવાન શ્રીકૃષ્ણનું સંપૂર્ણ સ્વરૂપ મારી સામે પ્રગટ થયું. એમની આભાના તેજોમય પ્રકાશથી હું ધન્ય બન્યો. દર્શનના માધ્યમથી એ મને કોઈ ઉપદેશ આપતા હોય એવું મને સતત અનુભવાયું.

મને લાગતું હતું કે એ ત્રણ-ચાર મિનિટનો સમય મને દર્શનના માધ્યમથી ઉપદેશ આપી રહ્યા છે અને મને કશુંક કહી રહ્યા છે અને હું સાંભળી રહ્યો છું. ચાર મિનિટ પછી ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય આભા જેમ

તમે મને જોઇ રહ્યા છો એ જ રીતે હું પણ જોઇ રહ્યો હતો. મારું મન એકદમ સ્થિર અને પ્રજ્વલિત થઇ ઉઠ્યું હતું અને હું ચોક્કસપણે કહી શકું છું કે આ કોઇ જાતની ભ્રમણા હતી જ નહિ. મેં એમના દર્શન ચર્મચક્ષુથી કર્યા અને મેં એમને સાંભળ્યા.

ત્યારબાદ એમણે કીધેલી વાત અથવા હું સમજ્યો એ વાત ઉપર વિશ્લેષણ અને વિચારણા ચાલુ કરી દીધી. ભગવાન શ્રીકૃષ્ણએ મને કહ્યું શ્રીમદ્ ભાગવત તરફ દૃષ્ટિ કર, શ્રીમદ્ ભાગવત, આટલું જ મેં સાંભળ્યું છે. આનાથી વધારે એ ચાર મિનિટમાં મને કશું સ્પષ્ટ સમજાયું નથી કે સંભળાયું નથી. હું એમના દર્શનમાં લીન હતો. એમણે જે કંઇ કીધું એ હજુ સુધી હું સમજી શક્યો નથી. એ સમજવાનું કદાચ મારું સામર્થ્ય નહીં હોય. આપ વાંચનારને કદાચ એવું પણ લાગશે કે મારી વાતમાં અતિશયોક્તિ છે અથવા તો મને ભ્રમણા થઈ હશે પણ મને જરા પણ ભ્રમણા થઈ નથી. આ વાત ફરી ને ફરી આપને જણાવી રહ્યો છું.

૩૨ વર્ષના મારા આધ્યાત્મિક જીવનમાં મેં ક્યારેય પણ કોઈ વાત જે અધ્યાત્મ સાથે જોડાયેલી હોય, ઈશ્વર સાથે જોડાયેલી હોય એ વાત હંમેશા સંપૂર્ણ સત્ય જ રજૂ કરી છે અને મારો આ સાક્ષાત્કાર પણ તમને એ જ રીતે રજૂ કરું છું. જે ભક્તજનો ભગવાન શ્રીકૃષ્ણને દિલથી અને પૂરી શ્રદ્ધાથી માનતા હશે એમને મારી વાતની સત્યતા જરૂરથી સમજાઇ જશે. મેં એમના દિવ્ય દર્શન કર્યા અને મેં ચાર મિનિટ માત્ર ભાગવત શબ્દ સાંભળ્યો. ભાગવતની શરણે જા, ભાગવત તરફ પ્રયાણ કર આટલું જ મને સમજાયું.

શ્રીમદ્ ભાગવત પર જ્યારે મેં વાંચન શરૂ કર્યું, સમજવાનું શરૂ કર્યું અવતારો વિશે જે પહેલા હું બહુ જ ઊંડાણમાં ગયો હતો તો છતાં વધારે ઉંડાણમાં કદાચ અઢાર વર્ષ પછી શ્રીમદ્ ભાગવતમાં ઉતર્યો હોઈશ. ઘણીબધી વાતો નવી લાગી. એક જ વાક્ય મારા મનમાં હતું કે શ્રીમદ્ ભાગવતના શરણમાં જા અને મેં કઇ રીતે એ પ્રેરણાથી શ્રીમદ્ ભાગવત ચાલીસા લખી એ તમે હવે સમજી શકો છો. હું એમાં લખનાર નથી કે મેં લખી જ નથી. મેં વિરચિત નથી કરી પણ એ મારી પાસે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કરાવવામાં આવી છે અને કદાચ આ યુગો-યુગો સુધી મારી આ સત્ય વાત હજારો ભક્તોના મનમાં ગૂંજતી રહેશે. હું ઇચ્છું છું કે એમણે મને એક ઉપદેશ આપ્યો છે તો મને આગળ પણ નવો કોઇ ઉપદેશ આપશે અને એટલે જ મેં નક્કી કર્યું છે કે નવા ઉપદેશની પ્રાપ્તિ માટે ઘરે-ઘરે શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનું પુસ્તક નિઃશુલ્ક વિતરણ કરવું અને ભગવાન શ્રીકૃષ્ણના ભક્તો એમાં મને સહાયક બનશે એવી મને ખાતરી છે.

ભગવાન શ્રીકૃષ્ણના પ્રત્યક્ષ દર્શન પામવા એ એક લ્હાવો છે. એ જ જીવનની ધન્ય પળ છે. મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી, મેં ક્યારેય પણ કોઇ ભક્તોને જ્યાં સુધી શ્રીમદ્ ભાગવત્ ચાલીસાની રચના નહોતી થઇ ત્યાં સુધી કોઇને જણાવ્યું પણ ન હતું.

શ્રીમદ્ ભાગવત્ ચાલીસાની રચના કઇ રીતે થઇ એનો સવાલ વારંવાર મને પૂછવામાં આવી રહ્યો

છે માટે જ મારે આજે આ સત્યઘટના આપની સમક્ષ મુકવી પડે છે. કોઈ મને એવું ના સમજે કે આ મહાન તપસ્વી છે, ના, મને જે કહેવામાં આવ્યું મને જે દર્શન આપવામાં આવ્યા અને મારી પાસે જે કરાવવામાં આવ્યું એ મેં નિમિત્ત બનીને કર્યું છે. હું અહીંયા કર્તા નથી. જ્યાં હું કર્તા હોઉં છું ત્યાં હું છાતી ઠોકીને કહું છું કે આ મંત્રશક્તિપાત કે મંત્રની રચના મેં કરી છે. આમાં હું કર્તા નથી. આમાં મારું કોઇ જ યોગદાન કે હિસ્સો નથી. સંપૂર્ણતઃ શ્રીમદ્ ભાગવત્ ચાલીસા ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય આશીર્વાદથી એમણે સન્મુખ રહીને મારી પાસે લખાવ્યા છે એવું દઢપણે માનું છું.

આ મારું સત્ય છે અને આ સદા સનાતન સત્ય યુગો-યુગો સુધી રહેશે. કદાચ કોઈને એવું લાગતું હોય કે મને કદાચ ભ્રમ હશે, ભ્રમણા હશે તો મેં બહુ જ ચોક્સાઇ કરી લીધી છે કે કોઈ જગ્યાએ હું ભ્રમણામાં નથી કે નથી ભ્રમિત થયો, નથી હું વિષયથી ચૂક્યો, નથી એમના દિવ્ય દર્શનનો મને કોઈ આભાસ થયો. જે હતો એ બધો જ સાક્ષાત્કાર છે. શ્રીમદ્ ભાગવત્ ચાલીસા લોકો સાંભળશે, પઠન કરશે કેમકે એમને ખબર છે કે એનું મહત્ત્વ કેટલું તેજોમય છે. તો મારે ભગવાન શ્રીકૃષ્ણના મને થયેલા દર્શનની આ ઘટના મારે કહેવી કેમ પડે? પરંતુ જો હું ના કહું અને હું એમ કહું કે મેં જ આ રચના કરી છે તો મને પાપ-દોષ લાગે. મને ભગવાન શ્રીકૃષ્ણએ આ કરાવ્યું છે. તમે માનો, ના માનો એ તમારી મરજીની વાત છે પણ મારે તો મારું સત્ય સ્વીકારવું જ રહ્યું અને એમાં જરાય પણ સંશય મને નથી કે મેં ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કર્યા છે.

ૐકારધામ તીર્થની એ ભૂમિ ધન્ય બની છે જ્યારે સ્વયં પ્રભુનું પ્રાગટ્ય થયું. જીવનની એ અલૌકિક પળ પછી મને એવું લાગ્યું કે આ ક્ષણ પછી કદાચ સદેહ આ દુનિયામાં નથી હું તો પણ મને એનો કોઈ અફસોસ નથી, આનંદ જ છે, પરમ આનંદ જ છે. હું પણ શોધી રહ્યો છું કે દર્શન આપવાનું આ રહસ્ય શું? ભગવાન શ્રીકૃષ્ણએ આ ધરતી પર અવતરિત થઈ મને પહેલીવાર દર્શન આપ્યા અને શ્રીમદ્ ભાગવત ચાલીસાની રચના મને પ્રેરણા આપીને કરાવી એની પાછળનું કારણ શું? ચોક્કસ એનું કારણ હું શોધવાનો પ્રયત્ન કરીશ પરંતુ ભગવાનની લીલા ભગવાન જ જાણે. શ્રીમદ્ ભાગવત ચાલીસાના શબ્દોનું જ્યારે આપ શ્રવણ કરશો ત્યારે ચોક્કસ કહેશો કે આ શબ્દો સ્વયં ભગવાન જ લખાવી શકે અથવા તો ભગવાન જ લખી શકે. કોઈ મનુષ્યના હાથની આ વાત નથી.

હનુમાન ચાલીસાની રચના તુલસીદાસજી પાસે હનુમાનજી જ કરાવી શકે. એ તમે હનુમાન ચાલીસાના પઠન પછી ચોક્કસ અનુભવ્યું હશે. સંત તુલસીદાસજી બહુ જ મહાન જ્ઞાની હતાં. પરંતુ હનુમાન ચાલીસા હનુમાનજી સ્વયં જ્યાં સુધી ના લખાવે ત્યાં સુધી શક્ય નથી.

આ ભારતની ભૂમિમાં લાખો સંતોના દિવ્ય ચમત્કારોની ગાથા આપણે સાંભળતા રહ્યા છે પરંતુ આપણી જોડે આ ચમત્કાર થાય છે, જ્યારે આપણી જોડે આ ઘટના થાય છે અને આ ઘટના જ્યારે હું તમને

કહી રહ્યો છું એની પાછળનું કારણ એ છે કે લાખો સંતો પોતાને ઈશ્વરે જે દર્શન આપ્યા છે એની ઘટના કહી શક્યો નહોતા કારણકે ત્યારે ડીજીટલ યુગ ન હતો. એમની વાત રેકૉર્ડ થઈ શકે એમ નહોતી. સત્યઘટના એમના મુખે શ્રવણ કરવાનું ભક્તોના ભાગ્યમાં નહોતું એમ કહેવાય. જ્યારે આજે સત્ય ઘટના હું તમને કહી રહ્યો છું કે ઈશ્વર છે, ભગવાન શ્રીકૃષ્ણ છે અને આ બ્રહ્માંડ એ ચલાવી રહ્યા છે.

તો ભક્તજનો આ શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનું પઠન કરો જેનું સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના તેજોમય આશીર્વાદથી સર્જન થયું છે, એમના જ શબ્દો છે. હું તો માત્ર નિમિત્ત છું. મારે જે કહેવાનું હતું એ સત્ય રીતે સાચા હૃદયથી લખી લીધું છે. ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ આપના પર સદાય રહે અને શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનું શ્રવણ આપના જીવનને ધન્ય બનાવે એવી ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના.

હવે હું આપને જન્માષ્ટમીના પાવન દિવસથી ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધના આપું છું.

## ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધનાની માહિતી

નીચે આપેલો મંત્ર જન્માષ્ટમીથી શરૂ કરી એક વર્ષ સુધીમાં ૧૦૮૦૦૦ (એક લાખ આઠ હજાર) વખત કરીને સિદ્ધ કરવો અને ૐઋષિ રચિત શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનો પાઠ રોજ એકવાર કરવો.

**મંત્રઃ**

**|| ૐ શ્રી કૃષ્ણાય વદમ ત્રતા નમઃ ||**





|| ૐ નમઃ ||

# રક્ષાબંધન



## વર્ષ ૨૦૨૬ માં રક્ષાબંધનના પવિત્ર દિવસે ભાઇને રાખડી બાંધતી વખતે કરવાનો દિવ્યમંત્ર

(૧) બહેને લાલ અથવા લીલા કલરના વસ્ત્ર પહેરવા.

(૨) ભાઈઓ કાળા વસ્ત્ર સિવાયનાં કોઈપણ વસ્ત્ર રાખડી બંધાવતી વખતે ધારણ કરી શકે છે.

(૩) દરેક બહેનોએ નીચે આપેલો મંત્ર ૧૮ (અઢાર) વખત બોલી અને પછી ભાઈને રાખડી બાંધવી.

**મંત્ર : ॥ ૐ રક્ષાત્ય રક્ષાત્ય ત્રતા નમઃ ॥**



**આ વખતે રક્ષાબંધન તારીખ : ૨૮-૮-૨૦૨૬, શુક્રવારના રોજ છે.**

**ૐકારનાં દિવ્ય આશીર્વાદ અને ચૈતન્ય દરેક ભાઇ બહેન ઉપર રહે એવા મારા આશીર્વાદ છે.**



# શ્રાવણ માસમાં ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધના



સૌપ્રથમ લાકડાનું બાજઠ લેવું. એના ઉપર વાદળી કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ બીલીના ૨ (બે) પાન, એક મુઠ્ઠી કાળા તલ, એક મુઠ્ઠી મરી અને રૂદ્રાક્ષનો એક મણકો લેવો. ત્યારબાદ નીચે આપેલા ૐ શ્રી શિવશક્તિ મહાશિવા ઊર્જાચક્રને કટીંગ કરી લેમીનેશન કરાવીને સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૧૮ (અઢાર) વખત કરી ૐઋષિ રચિત ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ એકવાર કરવો.

### ૐ શ્રી શિવશક્તિ મહાશિવા ઊર્જાચક્ર

| | | |
|---|---|---|
| ।। ૐ शिवाती: ।।<br>।। ३ ।। | ।। ૐ शंभुवाती: ।।<br>।। ९ ।। | ।। ૐ केदारेश्वर: ।।<br>।। ५ ।। |
| ।। ૐ ममलेश्वर: ।।<br>।। ६ ।। | ।। ૐ महाकालेश्वर: ।।<br>।। ३ ।। | ।। ૐ त्र्यंबकेश्वर: ।।<br>।। ६ ।। |
| ।। ૐ ओमकारेश्वर: ।।<br>।। ९ ।। | ।। ૐ नागेश्वर: ।।<br>।। १ ।। | ।। ૐ शिवेश्वर: ।।<br>।। ७ ।। |

**મંત્ર: ।। ૐ શિવાશક્તિ મહાશંભુ પ્રાગટ્ય નમઃ ।।**

**કેટલા દિવસની સાધના? :** આ સાધના કુલ ૩૦ દિવસ કરવી. વચ્ચે કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૦ દિવસ ગણીને સાધના કરવી.

**સ્થાપન કરવાનો સમય :** શ્રાવણ મહિનાનાં પ્રથમ દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા દરમિયાન સ્થાપન કરવું.

**સાધના કરવાનો સમય :** કોઇપણ સમયે કરી શકાય.

**વસ્ત્ર કયા પહેરવા? :** કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી શકાય.

સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ વાદળી કપડા સિવાયની બધી વસ્તુઓનું પોટલી બાંધીને સ્થાપનમાં મુકેલ ચક્ર સાથે વિસર્જન કરી દેવું. વાદળી કપડાને બીજી કોઇ સાધના કરો ત્યારે ઉપયોગમાં લઇ શકાય તે માટે મુકી રાખવું.

# મારી સંગીતની સફર
(સંપૂર્ણ સત્ય ઘટના)

મને પહેલેથી જ ભજન, ભક્તિગીતો, ભક્તિ સ્તવનો તેમજ ફિલ્મી ગીતો સાંભળવા અને મનમાં ગણગણવા ખૂબ જ ગમતા રહ્યા છે.

સંગીત એ એક એવી સાધના છે જેમાં એ વ્યક્તિને સફળતા મળે, જેના કંઠ ઉપર સરસ્વતી દેવીની કૃપા વરસી હોય.

આજે આપને હું મારા જીવનની સંગીતયાત્રાની સફરે લઇ જઉ છું. મારી સંગીતયાત્રા કદાચ તમને હસાવે અથવા તો કશુંક નવું કરવાની પ્રેરણા આપશે આ બંન્ને સંજોગોમાં મને મારી ડાયરીના પાનાંઓમાંથી કાઢેલી આ ઘટના લખવાનું કાર્ય યથાર્થ સાબિત થયું એવું લાગશે.

મને સ્કૂલ સમયથી જ કિશોરકુમારે ગાયેલા ગીતો ખૂબ જ ગમતા રહ્યા છે. એની પાછળનું કારણ કિશોરકુમારજી સરસ ગાતા હતાં એટલું જ ન હતું, પરંતુ કિશોરકુમારજીએ સંગીતની કોઇ તાલીમ લીધી ના હોવા છતાં જો આટલું સુંદર ગાઇ શકે છે તો હું પણ સારું ગાઇ શકું એવું મારા મનમાં સતત રહેતું હતું.

વર્ષો સુધી મારી આ ઇચ્છાને મેં મારા મનમાં દબાવીને રાખી હતી, પરંતુ એક દિવસ કુદરતે અનાયસે મને એવી તક આપી કે હું ગાઇ શક્યો એટલું જ નહીં પરંતુ મારું પોતાનું આલ્બમ પણ બહાર પાડી શક્યો. હવે આ તક હતી કે ન હતી એ તો આપ જ નક્કી કરી શકશો.

મેં ૨૦૧૧માં દસ મોટીવેશનલ ગીતો લખ્યા અને મારો વિચાર એવો હતો કે કોઇ સારા ગાયક પાસે આ દસ મોટીવેશનલ ગીતો ગવડાવવા જેથી લોકોને હતાશા અને નિરાશામાંથી બહાર નીકળવા માટે પ્રેરણા મળી શકે.

શ્રી વૈકુંઠભાઇ કરીને એક ખૂબ જ નિકટના વડીલ જે એ વખતે મોઝરબેર કંપનીમાં કામ કરતા હતાં. મેં એમને મારા ગીતો વંચાવ્યા હતાં.

ગીતોના શબ્દો ખૂબ જ સારા હોવાના કારણે એ ખૂબ પ્રસન્ન થયા અને એમણે આ ગીતોનું જો હું આલ્બમ બનાવું તો Moserbaer કંપની એના નામ નીચે આ આલ્બમ પ્રકાશિત કરશે અને ભારતભર એનું માર્કેટીંગ કરી અને એ સી.ડી.નું વેચાણ કરશે. અલબત્ત આલ્બમ બનાવવાનો ખર્ચો કંપની આપશે નહિ.

ગુજરાતી બે-ત્રણ મોટા ગાયકોનો સંપર્ક કર્યો, પરંતુ એ લોકો એ સમયે એમની વ્યસ્તતાના કારણે મારા ગીતો ગાવા માટે બે

મહિના પછીનો સમય આપી રહ્યા હતાં.

ગુજરાતી ગાયકો સાથે વાતચીત ચાલતી હતી એ દરમ્યાન મારા મનમાં એક વિચાર ઝબક્યો હતો કે મારા લખેલા ગીતો હું પોતે જ ગાઉ તો?

મેં મારા આ પ્રશ્નનો જવાબ મારા અંગત સ્નેહી શ્રી દીપકભાઇને પૂછ્યો હતો જે શાસ્ત્રીય સંગીતમાં વિશારદ થયેલા છે અને સંગીતમાં ખૂબ ઊંડું જ્ઞાન ધરાવે છે.

"ગુરુજી, તમે ગીત ગાશો?" આટલું કહીને પહેલા તો તેઓ હસ્યા પછી ગંભીર સ્વરે મને કહ્યું હતું.

"તમારે જો જાતે જ ગીતો ગાવા હોય તો એનો રીયાઝ કરવો પડશે અને સારા મ્યુઝીક શિક્ષક પાસે સંગીતની પ્રાથમિક તાલીમ લઇને પછી જ તમારે ગીતો ગાવા જોઇએ." એમણે મને આ રીતની સલાહ અને સૂચન આપતા કહ્યું હતું.

મેં શ્રી દીપકભાઇને પૂછ્યું ત્યાં સુધી મારા ગીતો હું પોતે જ ગાઇશ એવું મેં મન બનાવી લીધું હતું. એમની સલાહ મુજબ મેં મ્યુઝીક શિક્ષકની શોધ શરૂ કરી હતી.

મારા આશ્રમની નજીકમાં જ રહેતા સંગીતમાં પારંગત એવા એક બહેને મને સંગીત શીખવાડવાની હા પાડી હતી. પરંતુ પહેલા જ દિવસે એમની હિંમત તૂટી ગઇ હોય એવું મેં અનુભવ્યું હતું, કારણકે સારેગામાપધનીસા, સાનીધપમગરેસા શીખવાની શરૂઆત કરતા જ એના આરોહ-અવરોહ મારાથી બરાબર ગવાઇ રહ્યા ન હતાં. પહેલા દિવસે એક કલાકની સારેગામા ઉપરની મહેનત પૂર્ણ થયા બાદ મેં એમને પૂછ્યું હતું.

"બહેન, ગાવાનું સૂરમાં શીખતા મારે કેટલો સમય લાગશે?" મેં થોડી ઉતાવળથી આ પ્રશ્ન પૂછ્યો હતો.

પહેલા તો એમણે મારી સામે થોડું અચરજભરી નજરે જોયું હતું અને પછી ધીરેથી મને કહ્યું હતું.

" બે વર્ષ જેટલો સમય લાગશે." બહેનનો આ જવાબ સાંભળી હું નિરાશ થઇ ગયો, કારણકે એક મહિના પછી ગાવા માટે સ્ટુડિયો બુક કરી દીધો હતો અને ગીતોનો ટ્રેક બનાવવા માટે પણ આપી દીધો હતો.

જો હું સંગીતની તાલીમ લેવામાં બે વર્ષ કરું તો પછી Moserbaer કંપની બે વર્ષ પછી મારું આલ્બમ બહાર પાડે કે નહિ એ નક્કી ન હતું અને Moserbaer જેવી કંપનીની આવી મોટી તક અને સાથે મારો ગાવાનો શોખ બંન્ને હું બે વર્ષ સુધી લાંબો ખેંચવા માટે તૈયાર ન હતો.

"આપણે સીધું જ મારા લખેલા ગીતો ગાવાનું શરૂ કરી દઇએ તો કેવું રહે?" બીજા દિવસે મેં બહેનને ખૂબ વિવેકથી પૂછ્યું હતું.

"હા, ચાલે. પરંતુ એ ગીતોને સૂરમાં ગાતા શીખતા પણ આપને એક વર્ષ લાગશે. હું આપના દસ ગીત તમને સૂરમાં લયબદ્ધ રીતે ગાતા કરી દઇશ." બહેને મને શાંતિથી જવાબ આપતા કહ્યું હતું.

" બહેન, એક મહિના પછી મારા સ્વરમાં ગીતોનું રેકોર્ડીંગ રાખવામાં આવ્યું છે અને અત્યારે મારા ગીતો પરથી મ્યુઝીક ટ્રેક બનાવવાનું મ્યુઝીક ડિરેક્ટરે શરૂ કરી દીધું છે." મેં એમને આંચકો ના લાગે એવી રીતે કહ્યું હતું.

"એક મહિનામાં!!! Impossible છે..." બહેને મને ના માં માથું હલાવતા કહ્યું હતું.

"બહેન, મારા આલ્બમનું નામ પણ Nothing is Impossible છે અને ગાવા માટે મહિના પછીનો સ્ટુડિયો પણ બુક થઇ ગયો છે." મેં બહેનને જણાવ્યું હતું.

મારી વાત સાંભળી બહેનને નવાઇ લાગી હતી કારણકે હજી મને સારેગામા તો આવડતું ન હતું અને હું સીધો ગીતો ગાવા તરફ પ્રયાણ કરવાનું કહી રહ્યો હતો.

કદાચ એ વખતે એમણે મનમાં વિચાર્યું હશે કે ગુરુજીને પોતાને જ એવરેસ્ટ ઉપરથી ભુસ્કો મારવો છે તો મારે એમને રોકવા જોઇએ નહિ. માટે જ એમણે મને એક મહિના સુધીમાં દસેદસ ગીતો શક્ય એટલા પાકા કરાવી દીધા હતાં. મારે દસેદસ ગીતો વેસ્ટર્ન મ્યુઝીકમાં ઊંચા સૂરમાં ગાવાના હતાં.

મ્યુઝીક સ્ટુડિયોમાં વારંવાર ટેક-રીટેક થતાં થતાં વીસ દિવસમાં મેં દસ ગીતો ગાઇ લીધા હતાં.

૨૦૧૧માં એ દસ ગીતોના મ્યુઝીક ટ્રેક, કમ્પોઝીશન અને સ્ટુડિયોનું ભાડું રૂપિયા બે લાખ પચાસ હજાર આવ્યું હતું. મારા ગવાયેલા ગીતો ફાઇનલ મીક્સીંગ કરીને મ્યુઝીક ડીરેક્ટરે મને આપ્યા.

"ગુરુજી, હવે આ ગીતોનું શું કરશો?" ફાઇનલ ગીતોની સી.ડી. હાથમાં આપતા મ્યુઝીક ડીરેક્ટરે મને પૂછ્યું હતું.

"Moserbaer કંપની આ ગીતોનું આલ્બમ બહાર પાડશે." આ વાત મેં એમને પહેલીવાર કહી હતી.

"મને નથી લાગતું કે આ ગીતો Moserbaer કંપની આલ્બમ તરીકે બહાર પાડે, કારણકે ગીતોના શબ્દો બહુ સરસ છે, પરંતુ ગાતી વખતે ગીતોમાં ઘણીવાર આપનો સુર બેસુરો પણ થઇ જાય છે." મ્યુઝીક ડિરેક્ટરે ખૂબ નમ્રતાથી મને કહ્યું હતું.

"જોઇએ... હવે આગળ શું થાય છે." આટલું બોલી ફાઇનલ સી.ડી. મેં એમના હાથમાંથી લીધી હતી.

શ્રી વૈકુંઠભાઇની મહેનત રંગ લાવી હતી અને Moserbaer કંપનીએ મારા ગાયેલા અને લખેલા ગીતોનું આલ્બમ બહાર પાડ્યું હતું. આલ્બમનું નામ “Nohting is Impossible” છે.

એક વર્ષમાં Moserbaer કંપનીએ વીસ હજાર સી.ડી. “Nohting is Impossible” આલ્બમની વેચી હતી અને પાંચ હજાર કોપી મેં વેચી હતી. સરવાળે મારું ગીત ગાવાનું સ્વપ્ન Moserbaer જેવા મોટા પ્લેટફોર્મના માધ્યમથી શરૂ થયું.

ગાવાનું મારું સૂરમાં જરાય ન હોવા છતાંય મેં મારું આલ્બમ બહાર પાડવાની હિંમત કરી અને મારા કરતા પણ વધુ હિંમત Moserbaer કંપનીએ બતાવી અને મારી ગાયેલી આટલી બધી સી.ડી.ઓ વેચી એ પણ એક ચમત્કાર જ કહી શકાય.

હું મારા જીવનની આ ઘટનાના માધ્યમથી એ કહેવા માંગુ છું કે તમે જો સકારાત્મક રીતે વિચારો અને તમારા વિચારને વાસ્તવિક જીવનમાં લાવવાની તૈયારી, તત્પરતા અને લોકો શું વિચારશે એવું વિચાર્યા વગર કાર્ય કરવાની હિંમત હોય તો સફળતા તમને અચૂક મળે છે.

શ્રી વૈકુંઠભાઇ સાથે મળીને એના બે વર્ષ બાદ ભારતભરમાં જેટલી ચાલીસાઓ લખાઇ છે એ ચાલીસાઓ એકત્રિત કરી જે અલગ-અલગ ગાયકોએ ગાઇ છે જેમાં સ્વર્ગીય લતા મંગેશકરથી લઇને સુરેશ વાડકર સુધીના મોટા સીંગરો સામેલ છે એનું પણ એક આલ્બમ બનાવ્યું હતું, જે T-series કંપનીએ પોતે જ બહાર પાડ્યું હતું. એ આલ્બમમાં T-series કંપનીએ મારો વોઇસઓવર અને મારી લખેલી ઓમકાર ચાલીસા જે ગાયક હસમુખ પાટડીયાએ ગાઇ છે તેમજ મારી લખેલી ઓમકાર આરતીને પણ ચાલીસાના એ આલ્બમમાં સ્થાન આપ્યું છે.

હું હંમેશા કહેતો રહ્યો છું અને આજે પણ કહી રહ્યો છું કે તમારી અંદર રહેલી આવડતને લોકો શું કહેશે અથવા તો તમારા માટે શું વિચારશે એવું વિચારવાનું છોડીને એ આવડતને બહાર લાવવાનો પ્રયત્ન અચૂક કરો. પછી એ તમારી અંદરની કળા સફળ થાય છે કે નિષ્ફળ થાય છે એ નિયતિ અને ઈશ્વર પર છોડી દો.

મારી સંગીતની સફર આ રીતે શરૂ થઇ. આગળ ભવિષ્યમાં સંગીતમાં કંઇક નવું ખેડાણ કરી શકું એવી ઇચ્છા ચોક્કસ હજી મનમાં છે.

લિ.
ૐગુરુ

## શ્રી ક્ષેત્રપાળવીર દાદાના દરબારમાં ચમત્કાર થયો

મારું નામ વાસુદેવભાઇ છે અને હું છેલ્લા ત્રણ વર્ષથી ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીરની પૂનમ ભરું છું. જીવનમાં કોઇપણ પ્રશ્ન આવે ત્યારે તરત જ શ્રી ક્ષેત્રપાળવીરને સુખડી પ્રસાદ ધરાવવાનો નિયમ લઉં અને તરત જ મારું કામ પાર પડી જાય. ત્રણ વર્ષમાં આવા મારા અને મારા પરિવારમાં અઢળક અનુભવોની મેં પોતે જ અનુભૂતિ કરી છે.

મારા દીકરા હરીઓમના બે વખત પર્સ ખોવાયા અને એક વખત મોબાઇલ ખોવાયો અને ત્રણે વખત સામેથી ફોન આવ્યો કે તમારો મોબાઇલ મળ્યો છે, તમારું પર્સ મળ્યું છે. જે આજના કળિયુગમાં બહુ અજુગતી વાત કહેવાય. જ્યારે એનું પર્સ ખોવાયું ત્યારે એણે સંકલ્પ કર્યો હતો અને મોબાઇલ ખોવાયો ત્યારે પણ સંકલ્પ કર્યો હતો કે હે ક્ષેત્રપાળવીરદાદા મારો માબાઇલ, મારું પર્સ મળી જાય એમાં બહુ અગત્યના કાગળિયા છે અને એ સંકલ્પ ૨૪ કલાક પહેલા પરિપૂર્ણ થઇ ગયેલ.

જે ભક્તો આ અનુભવ વાંચી રહ્યા છે એ વિચારો કે આ જમાનામાં આવું થવું એ બહુ અકલ્પનીય છે. અને એકપણ પરચો એવો નથી કે જે પરચો અમે અનુભવ્યો ના હોય. જેટલા પણ સંકલ્પ અમે કર્યા હોય  એ બધા સંકલ્પ પરિપૂર્ણ થયા છે. શ્રી ક્ષેત્રપાળવીરના દરબારમાં સંકલ્પના સકારાત્મ ડંકા વાગે છે એવું હું ચોક્કસ કહી શકું. એમની હાજરી સતત ને સતત આપણે વંદન કરીએ ત્યારે અનુભવાય છે.

મેં પોતે મારા ઘણાં બધા સગા સંબંધી મિત્રોને કીધું છે કે ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે જાઓ તમારી મનોકામના પરિપૂર્ણ થશે. આપણી આંખે ચમત્કાર જોઇએ એનાથી વિશેષ ઈશ્વરનું અસ્તિત્વ છે જ એનાથી બીજું પ્રમાણ બીજું શું હોઇ શકે. અમારા દાદાના આખા પરિવારમાં જેટલાના પણ નામ છે એ બધાના નામ ભગવાન પર છે અને એ પણ અમારા પરિવાર માટે આશીર્વાદરૂપ છે. શ્રી ક્ષેત્રપાળવીર દાદાના ચરણોમાં દંડવત વંદન...

લી. વાસુદેવભાઇ ઠક્કર (રાધનપુર)

## મંત્રથેરાપી દરબાર રાજકોટમાં આવ્યા અને ચમત્કાર થયો

મારા ઘુંટણમાં અને પગમાં સતત દુઃખાવો રહેતો હતો. બહુ બધી દવા કરી પણ કોઇ ફરક પડતો ન હતો. ડૉક્ટરે ઘુંટણના ઓપરેશન માટે કહ્યું હતું પરંતુ ઓપરેશન કરાવવાની મારી જરાય ઇચ્છા ન હતી. એ સમયે રાજકોટમાં માર્ચ મહિનામાં મંત્રથેરાપી દરબારનું આયોજન થયું. મારી દીકરી મીરાના કહેવાથી હું મંત્રથેરાપી દરબારમાં આવી.

મંત્રથેરાપી દરબારમાં પરમ પૂજ્ય ગુરુજીની વાણી શ્રવણ કરી એ વખતે મારા મનમાં શ્રદ્ધા પ્રજ્વલિત થઇ અને મને થયું કે ચોક્કસ ગુરુજીના આ દરબારમાંથી મારું સમાધાન મળશે. ગુરુજીએ આપેલી સૂચના પ્રમાણે હું રોજ નિયમિત રીતે મલમ લગાવતી હતી, પાવડર લગાવતી હતી અને સ્ટોન દિવસમાં ત્રણ-ચાર વારથી વધુ વખત લગાવતી હતી. સ્ટોન પણ ઘસાઇને એકદમ પતલો થઇ ગયો છે. પણ તમે માનશો નહીં કે હું પહેલા નીચે નહોતી બેસી શકતી, ચાલી નહોતી શકતી, હાંફ ચઢી જતો હતો, દુઃખાવો થતો હતો એના બદલે સંપૂર્ણપણે એ દુઃખાવામાંથી મને રાહત મળી ગઇ છે. આ મંત્રથેરાપી દરબારના માધ્યમથી મને મળેલા દિવ્ય સ્ટોનનો ચમત્કાર છે.

પરમ પૂજ્ય ગુરુજીના મંત્રશક્તિપાત શ્રવણ કરવા, ૐકાર ચાલીસાનો પાઠ કરવો અને સ્ટોન લગાડવો એ મારા જીવનનો હવે નિત્યક્રમ બની ગયો છે. એક સ્ટોન ઘસાઇ ગયો હોવાથી હું બીજો સ્ટોન આશ્રમ પરથી મંગાવીને લગાડીશ કારણકે એનાથી મને શારીરિક માનસિક રીતે એટલો ફરક પડ્યો છે કે જે હું તમને કહી શકું એમ નથી. એની કલ્પના પણ પહેલા કરી શકતી ન હતી. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં પ્રાર્થના સાથે કોટિ કોટિ વંદન....

લી. જયાબેન (સાંવરકુંડલા)

## ભરૂચમાં મંત્રથેરાપી દરબારમાં ભાગ લીધો અને જમીનનો પ્રશ્ન ઉકલી ગયો

મંત્રથેરાપી દરબાર ભરૂચમાં મેં ભાગ લીધો હતો. મારી ૫૦૦ વાર જમીન હતી એ જમીન વિવાદમાં પડી હતી. મારા મિત્રએ મને ચાની કિટલી પર કહ્યું કે ચાલને ભાઇ રમેશ, મંત્રથેરાપી દરબાર છે અને રવિવારનો દિવસ છે આપણે ભાગ લઇએ.

મંત્રથેરાપી દરબારમાં અમે ગયા. પરમ પૂજ્ય ગુરુજીએ મંત્રથેરાપી દરબારની શરૂઆત કરી અને બધી પ્રક્રિયાઓ કરાવી. મેં મનોમન સંકલ્પ કર્યો કે મારી ૫૦૦ વારની જગ્યામાં જે વિખવાદ છે એનું સમાધાન થઇ જાય. આ વિખવાદ મારા પોતાના સગા કાકાના દીકરા સાથે હતો. એ પ્રોબ્લેમ સોલ્વ થતો ન હતો.

મંત્રથેરાપી દરબારમાં ભાગ લીધા બાદ પંદર દિવસની અંદર જ એ સેટલમેન્ટ માટે બેસી ગયો અને એણે પોતાનો હક જતો કરી લીધો એના બદલામાં મારે એને એક નાની રકમ આપીને મારા આ પ્રશ્નનું સમાધાન થઇ ગયું. જે દસ વર્ષથી કોર્ટ મેટર ચાલતી હતી એ મેટર પણ આમનેસામને બેસીને એનું નિવારણ થઇ ગયું. સદ્ગુરુ ૐઋષિના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. નિખિલભાઇ (ભરૂચ)

# ચારધામ યાત્રા સફળ થઇ

પરમ પૂજ્ય ગુરુદેવના આશીર્વાદથી ચારધામ યાત્રા સફળ થઇ. હું જ્યારે ચારધામ યાત્રાએ જવાની હતી એના આગલા દિવસે ગુરુજીના દર્શનાર્થે ગઇ હતી, મનમાં શંકા હતી કે યાત્રા નિર્વિઘ્ને પરિપૂર્ણ થશે કે કેમ અને ગુરુજીએ કીધું કે હું તારી સાથે જ છું. યમનોત્રી યાત્રા શરૂ થઇ ત્યારે એક ભાઇ અમારી સાથે ચાલવા લાગ્યા. મેં પૂછ્યું ભાઇ તમે મારી સાથે કેમ ચાલો છો. એ ભાઇએ કહ્યું કે મેં રજીસ્ટ્રેશન કરાવેલ નથી અને મારે દર્શન કરવા છે. એ ભાઇને મેં પૂછ્યું કે તમે ક્યાંના રહેવાસી છો. એમણે કહ્યું કે હું નેપાળનો રહેવાસી છું અને મારું નામ વિનોદ છે.

યમનોત્રીની યાત્રા ખૂબ જ કઠિન લાગતી હતી. એવું લાગતું હતું કે મંદિર સુધી પહોંચીશ કે કેમ. એ ભાઇએ કહ્યું કે તમે ચિંતા ના કરો, તમે ચોક્કસ મંદિર સુધી પહોંચશો અને દર્શન પણ થઇ જશે. અમને દર્શન થયા ત્યાં સુધી એ ભાઇ અમારી સાથે જ હતા. બહાર આવીને હું એ ભાઇની રાહ જોતી હતી પણ પળવારમાં એ ક્યાંય અલોપ થઇ ગયા. મને અહેસાસ થયો કે ચોક્કસ એ ભાઇ પરમ પૂજ્ય ગુરુજીના સ્વરૂપે અમને સહાય કરવા આવેલ. મારી કઠિન લાગતી યાત્રાને વિના વિઘ્ને પરિપૂર્ણ કરાવી એ માટે પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લી. શાંતાબને દેસાઇ (અમદાવાદ)


સદ્ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્કાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્કાઇબ કરો.

YouTube

સ્ટેપ- ૧ યૂ ટયૂબ ચેનલ પર કલીક કરો
સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"
સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો
સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# આપ આર્થિક દેવામાં છો અને ઘરમાં કંકાશથી પીડિત છો?
## તો આ રહી ચમત્કારિક મંત્રગુરૂચાવી -ૐગુરુ

સંસારમાં મનુષ્ય શાંતિથી જીવી શકે એવી સવાર એ શોધતો હોય છે પરંતુ દરેક મનુષ્યને એ શાંતિની સવાર નસીબ થતી હોતી નથી. ઘણાંલોકો ખૂબ જ મહેનત કરતા હોવા છતાં પણ ધંધાકીય સફળતા મળવાને બદલે આર્થિક દેવામાં સપડાઇ ગયા હોય અને વ્યાજનાં મોટા ચક્કરો ચૂકવતા હોય છે. એ મનુષ્યો માનસિક રીતે એટલા હતાશ અને નિરાશ થઇ ગયા હોય છે કે એમને આત્મહત્યા કરવા સુધીનો વિચાર આવતો હોય છે.

આ દુનિયા અને આજનો યુગ એ લક્ષ્મીનાં સામ્રાજ્યનો યુગ છે. જેની પાસે પૈસા છે એ વ્યક્તિઓનાં જીવનમાં ભલે દુઃખ હોય પણ એ લોકો ઘણા-ખરા દુઃખોને પૈસાનો ઉપયોગ કરીને એનો ઉકેલ લાવી શકતા હોય છે. પરંતુ જ્યારે મનુષ્ય પાસે પૈસાનો અભાવ થઇ જાય, માથા પર દેવું થઇ જાય ત્યારે ઘરમાં ક્લેશ અને કંકાશ વધતા જતાં હોય છે. પૈસા વગરનાં પુરૂષની જોડે એના સગા મા-બાપ, સગો ભાઇ કે પોતાની પત્ની પણ ઊભા રહેવા તૈયાર થતાં નથી. ભલે મારી વાત વાંચનારને કડવી લાગે પરંતુ કલીયુગનું આ સનાતન સત્ય છે. હું પૈસાને પ્રાધાન્યતા આપવા નથી માંગતો પરંતુ પૈસાને આજના યુગમાં અવગણી શકાય તેમ નથી અને હું પૈસાને પ્રાધાન્યતા ના પણ આપુ તો પણ પૈસાની તાકાતને બદલી શકાય તેમ નથી. દરેક વ્યક્તિ એ આજના યુગની પોતાની સાચી તાકાત અને શસ્ત્ર પૈસાને જ માને છે. ઘણાં લોકો આ વાત મોઢેથી સ્વીકારશે અને ઘણાંલોકો મનમાં સ્વીકારશે.

18 ઓગષ્ટ, 2011 નાં દિવસે એક પતિ પત્ની મને મળવા આવ્યા. પતિએ મને કીધું કે ગુરૂજી મારા ધંધામાં ખૂબ જ મોટા રૂપિયા ફસાઇ ગયા છે. હું કાપડનો હોલસેલનો ધંધો કરુ છું. મારો માલ દક્ષિણ ભારતમાં જાય છે. એમાં એક વેપારીમાં મારા મોટા રૂપિયા ફસાઇ ગયા છે. છેલ્લા ચાર વર્ષથી તો હું દેવામાં ડુબેલો છું અને ધંધામાંથી કમાઇને વ્યાજનાં મોટા ચક્કરો ભરુ છું. એમાં જો આ રૂપિયા પરત નહી આવે તો હું સંપૂર્ણપણે ખતમ થઇ જઇશ. કાપડ બજારમાં મારી ઇજ્જત અને સમાજમાં પ્રતિષ્ઠા જતી રહેશે. છેલ્લા ચાર વર્ષથી મેં કમાઇને વ્યાજનાં ચક્કર ભરી મારી આબરુ સાચવી રાખી છે. જો આ રૂપિયા નહિ આવે તો ભગવાન જાણે શું થશે? મારા વ્યાજનાં દેવાને કારણે મારા અને મારી પત્ની વચ્ચે ખૂબ જ ક્લેશ-કંકાશ થાય છે. મારી પત્ની આ બધી તકલીફોમાં મને જ દોષિત માને છે અને દોષનો ટોપલો મારા ઉપર ઠાલવે છે. હું ચારે બાજુથી ઘેરાઇ ચૂક્યો છું. આપ ગુરૂજી મને માર્ગદર્શન આપો. જેથી હું આમાંથી બહાર નીકળી શકું.

મારી પાસે આવેલા આ ભાઇને દેવામાંથી બહાર નીકળવાનો અને અટકેલા અને ફસાયેલા રૂપિયા નીકળી જાય અને ધીમે ધીમે વ્યાજનું ચક્કર બંધ થઇ જાય અને ખાસ કરીને ઘરમાં ક્લેશ અને કંકાશ બંધ થઇ જાય એ માટે મંત્રસાગરનાં અમૃતમાંથી મંત્રરૂપી એક અમૃતબિંદુ એ વ્યક્તિને આપ્યું.

બે મહિના પછી એ ભાઇ હસતા મુખે મારી પાસે આવ્યા. એમણે મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે ગુરૂજી તમે આપેલા મંત્રએ મારા જીવનમાં ચમત્કાર કર્યો છે. તમે આપેલા મંત્રએ રામબાણ કામ કર્યું છે અને હું સંપૂર્ણપણે વ્યાજનાં ચક્કરમાંથી મુક્ત થઇ ગયો છું.

મેં પુછ્યું કે ભાઇ આ ઘટના કેવી રીતે બની? તેણે કહ્યું કે ગુરૂજી આપે આપેલા મંત્રને હું શ્રદ્ધાપૂર્વક કરતો હતો. મંત્રનાં એકવીસમા દિવસે જે રૂપિયા ફસાયેલા હતા એની પૂરી રકમ આવી ગઇ. પરંતુ સાચુ કહું તોય મને મંત્ર ઉપર વિશ્વાસ ન બેઠો. મને એવું લાગ્યું કે છેલ્લા ત્રણ મહિનાથી હું એ વેપારી પર દબાણ કરતો હતો તેનાં કારણે પૈસા આવ્યા છે. મેં પૈસામાંથી મારુ દર મહિનાની જેમ વ્યાજનું ચક્કર પૂરુ કર્યું.

પરંતુ બરાબર પિસ્તાલીસ દિવસે એક ચમત્કાર થયો. એ દિવસ મારો સાળો મારા ઘરે આવ્યો. એ આર્થિક રીતે પુષ્કળ સદ્ધર છે. છેલ્લા ચાર વર્ષથી મારા માથે દેવું છે અને હું કમાઇને વ્યાજનું ચક્કર ભરું છું એ વાતથી એ પૂરેપૂરો વાકેફ હતો. છતાં ચાર વર્ષમાં એમાં ક્યારેય પણ મને મદદ કરી ન હતી અને એ દિવસે એણે મને સામેથી કીધું કે બનેવી તમારું જેટલું પણ દેવું છે એ દેવાના રૂપિયા હું તમને આપુ છું તમે ચુકવી દો અને વ્યાજનાં ચક્કરમાંથી મુક્ત થઇ જાઓ અને મારા રૂપિયા તમે ધીમે ધીમે સગવડે મૂડીપરત કરજો.

આગળ એણે કહ્યું કે મારું એક ખૂબ મોટું કામ અચાનક થઇ ગયું જે છેલ્લા ત્રણ વર્ષથી અટકેલું હતું. એ કામ પૂરુ થતાં જ મને એ વિચાર આવ્યો કે મારા બનેવીને હું દેવામાંથી બહાર કાઢી દઉં. બસ મારા સાળાની વાત સાંભળતા જ હું એ જ ક્ષણે માની ગયો કે મંત્રશક્તિ અને મંત્રશાસ્ત્ર એ અમોઘ શસ્ત્ર છે અને મંત્રશક્તિ જેવો રામબાણ ઇલાજ કોઇ જ નથી. મને આપના પર અને મંત્રશાસ્ત્રની શક્તિ પર પૂર્ણ વિશ્વાસ બેસી ગયો. આ સત્ય ઘટના વાંચી આપને પણ એમ થતું હશે કે આપને પણ એ મંત્ર મળે.

**મંત્રશક્તિનાં રામબાણ શસ્ત્ર સમાન આ મંત્ર હું આપને આપુ છું.**

**મંત્રઃ**

**|| ૐ સજત્યમાતિ સજત્યમાતિ વૃન્ડક લક્ષ્મીદેવી નમામિ નમઃ ||**

આ મંત્ર રોજ 45 વખત કરવો અને મંત્ર ગણ્યા બાદ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ મંત્રથી આપ આવી તકલીફોમાંથી ચોક્કસ મુક્ત થઇ જશો.

### આજીવિક ધર્મ પુનઃઉત્થારક
### જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
### પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી "ૐગુરુ"ની પાવન નિશ્રામાં
### ગોંડલમાં યોજાયેલ

# નિઃશુલ્ક મંત્રથેરાપી દરબાર

આ કાર્યક્રમ ગોંડલમાં **તા.૨૧-૬-૨૦૨૬, રવિવાર**ના રોજ શ્રી ભગવતસિંહજી ટાઉન હોલ, માંડવી ચોક પાસે, ગોંડલ ખાતે યોજવામાં આવેલ. ૐગુરુ દ્વારા કરાવવામાં આવતી મંત્રથેરાપી દ્વારા તકલીફો પીડાઓ દૂર થઇ મનુષ્ય પોતાનું જીવન ખુશહાલ જીવી શકે એ હેતુથી આ દરબાર યોજવામાં આવેલ. આકસ્મિક ધનલાભ, મનોકામના સિદ્ધિ, દરેક ક્ષેત્રમાં અકલ્પનીય વિકાસ, જીવનમાં ચાલતી સમસ્યાઓનું સમાધાન આવા અલગ-અલગ પ્રશ્નોના સમાધાન મંત્રથેરાપીથી દૂર થાય એ માટે પરમ પૂજ્ય ગુરુજીના સાનિધ્યમાં ભક્તોએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક લાભ લીધેલ. ૐગુરુના મંત્ર-મંત્રશક્તિપાત-સિદ્ધ વસ્તુઓ-ચાલીસાના સમન્વય સાથે પ્રશ્નોનું સમાધાન આપી ૐગુરુએ લોકકલ્યાણનું અનોખું અને નોંધપાત્ર કાર્ય કર્યું જેનો હોલમાં હાજર દરેક લોકોએ ૐગુરુનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ અને ધન્યતાનો અનુભવ કરી એમના દિવ્ય આશીર્વાદનો લાભ લીધેલ.














# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી
# આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૭-૨૦૨૬ | મંગળવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૦૬-૮-૨૦૨૬ | ગુરુવાર | ૐ શક્તિતાતી |
| ૨૨-૭-૨૦૨૬ | બુધવાર | ૐ ધનલક્ષ્મીદેવી | ૦૭-૮-૨૦૨૬ | શુક્રવાર | ૐ લક્ષ્મીતાતીવ |
| ૨૩-૭-૨૦૨૬ | ગુરુવાર | ૐ ગજલક્ષ્મીદેવી | ૦૮-૮-૨૦૨૬ | શનિવાર | ૐ બગલામુખીદેવી |
| ૨૪-૭-૨૦૨૬ | શુક્રવાર | ૐ શુભાંશુ | ૦૯-૮-૨૦૨૬ | રવિવાર | ૐ માતંગીદેવી |
| ૨૫-૭-૨૦૨૬ | શનિવાર | ૐ ઈન્દ્રદેવાય | ૧૦-૮-૨૦૨૬ | સોમવાર | ૐ ધુમાવતીદેવી |
| ૨૬-૭-૨૦૨૬ | રવિવાર | ૐ શ્રી ક્ષેત્રપાલવીર | ૧૧-૮-૨૦૨૬ | મંગળવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૨૭-૭-૨૦૨૬ | સોમવાર | ૐ કેતુત્ય | ૧૨-૮-૨૦૨૬ | બુધવાર | ૐ પદમાવતીદેવી |
| ૨૮-૭-૨૦૨૬ | મંગળવાર | ૐ રાહુત્ય | ૧૩-૮-૨૦૨૬ | ગુરુવાર | ૐ ચકેશ્વરીદેવી |
| ૨૯-૭-૨૦૨૬ | બુધવાર | ૐ ગુરુત્ય | ૧૪-૮-૨૦૨૬ | શુક્રવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૩૦-૭-૨૦૨૬ | ગુરુવાર | ૐ ચંદ્રત્ય | ૧૫-૮-૨૦૨૬ | શનિવાર | ૐ ષોડશીદેવી |
| ૩૧-૭-૨૦૨૬ | શુક્રવાર | ૐ બુધત્ય | ૧૬-૮-૨૦૨૬ | રવિવાર | ૐ છિન્નમસ્તાદેવી |
| ૦૧-૮-૨૦૨૬ | શનિવાર | ૐ મંગલત્ય | ૧૭-૮-૨૦૨૬ | સોમવાર | ૐ તારાદેવી |
| ૦૨-૮-૨૦૨૬ | રવિવાર | ૐ શુક્રત્ય | ૧૮-૮-૨૦૨૬ | મંગળવાર | ૐ મહાકાલીદેવી |
| ૦૩-૮-૨૦૨૬ | સોમવાર | ૐ શનિત્ય | ૧૯-૮-૨૦૨૬ | બુધવાર | ૐ રક્ષલ્ય |
| ૦૪-૮-૨૦૨૬ | મંગળવાર | ૐ લક્ષ્મીકુબેર | ૨૦-૮-૨૦૨૬ | ગુરુવાર | ૐ સર્વતા |
| ૦૫-૮-૨૦૨૬ | બુધવાર | ૐ મંત્રતાતી | | | |



॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન સફેદ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને વાદળી વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લાલ વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન લીલા વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ વસ્ત્રમાં કઠોળ વાલના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ કેસરી વસ્ત્રમાં સીંગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક

જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર 1008 પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના

## ગુરૂપૂર્ણિમાના પાવન દિવસે

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

આજીવિક **ધર્મ** પુનઃ ઉત્થારક

# મહાદર્શન

ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



દિવ્ય ચમત્કારિક વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવશે

દર્શનાર્થી ભક્તોએ મહાપ્રસાદનો લાભ લેવો

**શુભ તારીખ**
૨૯ જુલાઈ, ૨૦૨૬
બુધવાર

**શુભ સ્થળ**
**અન્નપૂર્ણા હોલ,**
આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**શુભ સમય**
સાંજે ૫ થી ૮
કલાક સુધી

**સંપર્ક સૂત્રઃ 9429208997**


E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org



**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**